


# અમદાવાદનો પાયો ભીલ રાજાએ નાખ્યો હતો

**ઘટ ઘટ પાની**
★ માવજી મહેશ્વરી

**સાબરમતી નદીના કાંઠે વસેલા અન્ય વિસ્તારોના વ્યાપારી વર્ગના લોકો આશાવલ સુધી આવીને વેપાર કરતા હતા. રાજા આશાભીલના નેતૃત્વમાં જ ભીલ સમુદાયે એક સમૃદ્ધ શહેર વિકસિત કર્યુ હતું. જે અરવલ્લી સુધી ફેલાયેલું હતું**

અમદાવાદ શહેરનું નામ મુસ્લિમ શાસક અહમદશાહ સાથે ભલે જોડાયેલું હોય પણ હકીકત એ છે કે અહમદશાહથી ત્રણસો વર્ષ પહેલાં શક્તિશાળી આશાભીલ નામના રાજાએ આ શહેર વસાવ્યું હતું. એ શહેરનું નામ હતું આશાવલ. એ કોઈ નાનું ગામડું નહોતુ પરંતુ ઉન્નત અને સંગઠિત કેન્દ્ર હતું. તે વખતે સાબરમતી નદી આજુબાજુની વસ્તી માટે જીવનદાયીની હતી. તેની ઉપજાઉ ભૂમિ ખેતી અને વ્યાપારને સમૃદ્ધ કરતી હતી. સાબરમતી નદીના કાંઠે વસેલા અન્ય વિસ્તારોના વ્યાપારી વર્ગના લોકો આશાવલ સુધી આવીને વેપાર કરતા હતા. રાજા આશાભીલના નેતૃત્વમાં જ ભીલ સમુદાયે એક સમૃદ્ધ શહેર વિકસિત કર્યુ હતું. જે અરવલ્લી સુધી ફેલાયેલું હતું. પરંતુ ઈતિહાસે કદી ભીલ જાતિની ખાસ નોંધ લીધી નથી. એ રીતે આશાભીલનું નામ ધીમે ધીમે ભુલાવી દેવામાં આવ્યું.

લગભગ ૧૦૭૪ની આસપાસ ચૌલુક્ય વંશના રાજા કર્ણદેવે આશાવલ સામે યુદ્ધ કર્યું અને આ ક્ષેત્ર ઉપર પોતાનો અધિકાર જમાવી દીધો. મધ્યકાલીન જૈનગ્રંથ મેરુતંગ આચાર્યની 'પ્રબંધ ચિંતામણી' માં આશાભીલ અને કર્ણદેવ વચ્ચે થયેલા યુદ્ધનું વિવરણ છે. એ યુદ્ધ ભીલ સમુદાય માટે એક મોટું બલિદાન હતું. રાજા કર્ણદેવે જીત મેળવ્યા પછી આશાવલનું નામ બદલીને પોતાની રાણીના નામ પરથી એ શહેરનું નામ કર્ણાવતી રાખ્યું. એ પહેલો બદલાવ હતો. પછી ૧૪મી સદીમાં સુલતાન અહમદશાહે એ શહેરને વિકસિત કર્યું, ત્યારે કર્ણાવતી નામ બદલીને અહમદાબાદ રાખ્યું જે આજે અમદાવાદ કહેવાય છે.

એ શહેરના ત્રણ નામ બદલ્યા પણ તેની મૂળિયાં ભીલ સમુદાય સુધી ફેલાયેલા છે. ભલે શાસકો બદલાયા હોય, નામ બદલાયાં હોય તેમ છતાં કેટલાક જમીની દસ્તાવેજોમાં એ વિસ્તારને આશાવલ પરગણા કે આશાવલ જાગીર તરીકે નોંધ થયેલી છે. એ રીતે વીર આશાભીલનું નામ સદીઓ સુધી લોકોના હૈયામાં જીવતું રહ્યું છે.

આજે અમદાવાદની ચમકદમક અને વેપારની સમૃદ્ધિ જોઈએ ત્યારે યાદ રાખવું જોઈએ કે એની શરૂઆત એક આદિવાસી રાજાએ કરી હતી. આશાભીલે સાબરમતી નદીના કિનારે જે સપનું જોયું હતું તે આજે ગુજરાતનું મહત્ત્વના શહેર તરીકે ઊભું છે. ભીલ સમુદાય કુશળ શાસક, યોદ્ધા, વ્યાપારી અને જળ, જમીન અને જંગલના રક્ષક છે. પણ એક પ્રશ્ન થાય છે કે આશાભીલનું નામ ભારતના ઈતિહાસમાં શા માટે ઓછું દેખાય છે? આનો જવાબ બહુ અઘરો નથી. સરળ છે સાથે દુઃખદ પણ છે. ઈતિહાસ હંમેશાં વિજેતા દ્વારા લખાતો રહ્યો છે. જ્યારે કોઈ રાજવંશે કોઈ ક્ષેત્ર ઉપર વિજય પ્રાપ્ત કર્યો છે, ત્યારે પોતાના રાજવંશના પરાક્રમોને ઈતિહાસમાં નોંધાવ્યા છે. આ રીતે પરાજીત સમુદાયોના ઈતિહાસ ધીમે ધીમે ભૂંસાતા રહ્યા છે. ચૌલુક્ય વંશના રાજાઓના ઈતિહાસમાં માત્ર તેમના જ વંશની ઉપલબ્ધીઓની નોંધ છે. અહમદશાહની નોંધ છે, પણ આશાભીલ જેવા રાજાઓની વાતો દટાઈ ગઈ છે. આ કારણે જ આજે લોકો અમદાવાદને સુલતાન અહેમદશાહના નામ સાથે સાંકળે છે. આપણે ત્યાં છેલ્લો ઈતિહાસ વંચાય છે, ભણાવાય છે. પણ ઈતિહાસના અનેક પડ હોય છે. દરેક પડમાં જુદા જુદા સત્યો હોય છે. જેમ જેમ પેઢીઓ બદલે છે તેમ તેમ મૂળ ઈતિહાસ દબાતો અને ભૂંસાતો જાય છે.

ભીલ સમુદાય માટે એક મોટી ગેરસમજ ચાલે છે કે તેઓ જંગલોમાં રહે છે અને શિકાર કરે છે. પરંતુ વાસ્તવિકતા બિલકુલ જુદી છે. ભીલ યોદ્ધાઓ માત્ર યુદ્ધ કરવાનું જ જાણતા નહોતા. તેઓ વેપાર, ખેતી અને શિલ્પકલાના નિષ્ણાંત હતા. આશાભીલનું શાસન દર્શાવે છે કે તેમનામાં સંઘટનની ભાવના પ્રબળ હતી. રાજા કર્ણદેવે અને આશાભીલનું યુદ્ધ સામાન્ય નહોતું. રાજા કર્ણદેવ પાસે વિશાળ સેના, હથિયારો અને યુદ્ધની રણનીતિ હતી. તેમ છતાં ભીલ યોદ્ધાઓએ પોતાની ભૂમિ માટે પ્રાણ આપ્યાં. આચાર્ય મેરુતુંગ લેખિત 'પ્રબંધ ચિંતામણી'માં એ યુદ્ધનું વર્ણન મળે છે. કર્ણદેવના વિજય બાદ પણ આશાવલનું મહત્ત્વ ઘટ્યું નહોતું. રાજા કર્ણદેવે એ શહેરને નષ્ટ કરવાના બદલે એને વિકસિત કરવાનું વિચાર્યું. તેમણે પોતાની રાજધાની અણહીલપુર પછી કર્ણાવતીને બીજું મહત્ત્વનું શહેર બનાવ્યું.

જો કે કર્ણદેવે આશાવલમાં નવા નિર્માણ કરાવ્યાં. આશાવલમાંથી કર્ણાવતી બનેલું આ શહેર ચૌલુક્ય વંશમાં ખૂબ જ વિકાસ પામ્યું. તેરમી સદીમાં ચૌલુક્ય વંશનું પતન થયું અને બીજા સો વર્ષ સુધી વાઘેલા વંશે રાજ કર્યું. ચૌદમી સદીમાં દિલ્હીની સલ્તનતે ગુજરાત ઉપર અધિકાર જમાવી દીધો. ગુજરાતના સુબા ઝફરખાને ગુજરાતના સ્વતંત્ર શાસનની સ્થાપના કરી. તેના પૌત્ર અહમદશાહે ૧૪૧૧માં કર્ણાવતીને પોતાની રાજધાની બનાવી અને તેનું નામ અમદાવાદ રાખ્યું. તેમણે ઈસ્લામીક સ્થાપત્યની ઈમારતો અને મસ્જિદો બનાવી. છતાં તેણે પણ આશાભીલની સંરચનાને ધ્યાનમાં રાખીને નવા નિર્માણો કરાવ્યા.

તે પછી અમદાવાદમાં મરાઠાઓ, મોગલો, અંગ્રેજો આવ્યા. રાજવંશ બદલાતા રહ્યા. આ એ જ ભૂમિ છે જેમાં અંગ્રેજોની ગુલામીમાં જીવતા ભારતને મુક્ત કરાવવા એક ગુજરાતી મેદાને પડ્યો. જેને દુનિયા આજે મહાત્મા ગાંધી તરીકે ઓળખે છે. **(સંદર્ભ - ડૉ. ભાવિનકુમાર એસ. વસાવા)**

---

# આસિસ્ટન્ટ સર્જનની ફીનો ખર્ચ ચૂકવવા પણ વીમા કંપની જવાબદાર છે

**ગ્રાહક મંચ**
★ શ્રેયસ દેસાઈ (એડવોકેટ)

**ફરિયાદીઓને ફરિયાદવાળો વીમો સૌ પ્રથમ આપતી વખતે આસિસ્ટન્ટ સર્જનના ચાર્જીસ વગેરે પ્રકારના ચાર્જીસ ક્લેમમાંથી કપાત થતા હોવાની યા જેતે ડીસીઝના ક્લેમ બાબતે કોઈ લિમિટ હોવાની કોઈ શરત સામાવાળાઓએ જણાવી/સમજાવી ન હતી**

વીમેદારને વીમો લેવા માટે પ્રેરવા માટે વીમા કંપની તરફે વિધવિધ પ્રકારની પ્રલોભક રજૂઆતો થતી હોય છે પરંતુ એ જ વીમેદાર જયારે એ જ વીમા કંપની સમક્ષ એ જ ઈન્શ્યોરન્સ પોલીસી અન્વયેનો ક્લેમ કરવા આવે ત્યારે વીમા કંપનીઓ તરફે ભાતભાતનાં બહાનાં કાઢીને ક્લેમ નકારવામાં આવતા હોય છે. કેટલીક વાર એક યા બીજા ઓઠાં હેઠળ ઈન્શ્યોરન્સ ક્લેમમાંથી રકમો ખોટી રીતે કાપી લેવાતી હોય છે. હાલમાં કેટલાક કિસ્સાઓમાં એવું પણ જોવા મળ્યું છે કે દર્દીનું ઓપરેશન કરનાર સર્જને, પોતાની સાથે આસિસ્ટન્ટ સર્જનને રાખ્યા હોય તો આસિસ્ટન્ટ સર્જનના ચાર્જીસ વીમેદારને ચૂકવવાનો વીમા કંપની ઈન્કાર કરી દેતી હોય છે.

કિરણભાઈ દેસાઈ વિ. ધ ન્યૂ ઈન્ડિયા એસ્યોરન્સ કંપનીના કેસમાં પણ આવું જ બન્યું હતું. ફરિયાદીએ પોતાનો (ફરિયાદી નં.(૧)) તથા તેમના પત્ની (ફરિયાદી નં.(૨)) તથા પોતાનાં માતા-પિતાનો Mediclaim Policy તરીકે ઓળખાતો રૂ. ૩,૦૦,૦૦૦/-નો વીમો સામાવાળા નં. (૧) વીમાકંપની કનેથી લીધેલો. મજકૂર વીમો સૌ પ્રથમ સન ૧૯૯૯ની સાલમાં સામાવાળાએ માંગ્યા મુજબનું પ્રીમિયમ ચૂકવીને લેવામાં આવેલો. જે ત્યાર બાદ, વર્ષોવર્ષ નિયમિત રીતે પ્રીમિયમ ચૂકવીને રીન્યુ કરવામાં આવેલ. મજકૂર વીમો અમલમાં હતો તે દરમ્યાન ઓક્ટોબર-૨૦૧૮ના અરસામાં ફરિયાદી નં.(૨) ને દુખાવો જણાતાં તેમ જ ચાલવામાં તકલીફ જણાતાં તા. ૧૦/૦૮/૨૦૧૮ ના રોજ ફરિયાદી નં.(૨) ને શહેર સુરત મુકામે આવેલ Asutosh Hospital



લઈ જવામાં આવેલ અને ત્યાં ડૉ. સુમિત કાપડિયાની સલાહ અનુસાર ફરિયાદી નં.(૨)ને ઈન્ડોર પેશન્ટ તરીકે દાખલ કરવામાં આવેલ. ત્યાર બાદ, મજકૂર હોસ્પિટલમાં ડૉ. સુમિત કાપડિયાએ ફરિયાદી નં.(૨) ના જરૂરી ટેસ્ટ, એક્સ-રે કરાવડાવેલા. જેમાં ફરિયાદી નં.(૨) ને B/I Vericose Vein હોવાનું નિદાન થયેલું. જેથી તબીબ ડૉકટરે સર્જરી કરવાની સલાહ આપેલી. જેથી તબીબી સલાહ અનુસાર એ જ દિવસે એટલે કે તા. ૧૦/૦૮/૨૦૧૮ ના રોજ ડૉ. સુમિત કાપડિયા દ્વારા ઓપરેશન કરવામાં આવેલ અને ફરિયાદી નં.(૨)ને જરૂરી ટ્રીટમેન્ટ પણ મજકૂર હોસ્પિટલમાં આપવામાં આવેલી. ત્યારબાદ ફરિયાદી નં.(૨)ને તા. ૧૧/૦૮/૨૦૧૮ ના રોજ મજકૂર હોસ્પિટલમાંથી રજા આપવામાં આવેલી.

મજકૂર હોસ્પિટલાઈઝેશન, ઓપરેશન, એક્સ-રે, મેડિકલ ટ્રીટમેન્ટ, જુદાં-જુદાં ટેસ્ટસ, દવાઓ, ઈન્જેક્શનો વગેરે માટે થઈને ફરિયાદી નં.(૨)ને કુલ ખર્ચ રૂ. ૧,૨૭,૨૭૧/- થયેલો. જે અંગે હમો ફરિયાદીઓએ સામાવાળા વીમાકંપનીનું નિયત ક્લેમ ફોર્મ ભરીને સામાવાળા નં. (૧) વીમાકંપની સમક્ષ ક્લેમ કરેલો. મજકૂર ક્લેમની સાથે ફરિયાદીએ સામાવાળાના માંગ્યા મુજબના તમામ જરૂરી પેપર્સ, પ્રિસ્ક્રિપ્શન્સ, બિલ્સ, રીપોર્ટસ, મેડિકલ ફાઈલ, રસીદ વગેરે અસલ સામાવાળા સમક્ષ રજૂ કરેલા.

સામાવાળા હમો ફરિયાદી નં.(૨)નો ઉપરોક્ત સાચો અને વાજબી ક્લેમ રૂ. ૧,૨૭,૨૭૧/- મંજૂર કરવા જવાબદાર અને બંધાયેલા હતા અને છે. આમ છતાં સામાવાળાઓએ હમો ફરિયાદી નં.(૨)ના ક્લેમના રૂ. ૧,૨૭,૨૭૧/- માંથી ખોટી અને ગેરવ્યાજબી રીતે રૂ.૫૪,૯૧૯/- જેવી મોટી રકમ કપાત કરી રૂ. ૭૨,૩૫૨/- સીધા ફરિયાદીના બેંક અકાઉન્ટમાં તા. ૩૧/૦૮/૨૦૧૮ ના રોજ જમા કરાવેલ. જેની જાણ હમો ફરિયાદીને પાછળથી થયેલ. વીમા કંપનીએ કાપેલી રકમમાં મુખ્યત્વે ઓપરેશન દરમ્યાન ઉપસ્થિત આસિસ્ટન્ટ સર્જનની ફીના રૂ.૧૪૦૪૦/- હતા, તેમ જ એનેસ્થેટીસ્ટના રૂ. ૮૩૫૩/- હતા.

સામાવાળાના ઉપરોક્ત અભિગમથી ફરિયાદીઓને અત્યંત આશ્ચર્ય અને આઘાત થયેલાં કારણ કે, ફરિયાદીઓને ફરિયાદવાળો વીમો સૌ પ્રથમ આપતી વખતે આવી રીતે, આસિસ્ટન્ટ સર્જનના ચાર્જીસ વગેરે પ્રકારના ચાર્જીસ ક્લેમમાંથી કપાત થતા હોવાની યા જે તે ડીસીઝના ક્લેમ બાબતે કોઈ લિમિટ હોવાની કોઈ શરત સામાવાળાઓએ જણાવી / સમજાવી ન હતી. જો ક્લેમમાંથી આવી રકમો કપાત (Deduct) થતી હોવાની જાણકારી / સમજ સામાવાળા દ્વારા ફરિયાદીને ફરિયાદવાળો વીમો આપતી વખતે આપવામાં આવી હોત તો જાણ્યા / સમજયા બાદ તેવો વીમો લેવો કે નહીં તેનો નિર્ણય ફરિયાદી સમજી / વિચારીને કરી શકયા હોત. પરંતુ ડિડકશન સંબંધિત મજકૂર મહત્ત્વની શરતોની હકીકતથી ફરિયાદીને જાણકારી / સમજ આપ્યા વિના, ફરિયાદીને અંધારામાં રાખીને સામાવાળાઓએ મજકૂર વીમો ફરિયાદીને વેચેલો. જેથી ફરિયાદીએ ગ્રાહક અદાલતમાં વીમા કંપની સામે ફરિયાદ કરવાની જરૂર પડેલી. સુરત જિલ્લા ગ્રાહક તકરાર નિવારણ ફોરમ (મેન)ના તત્કાલીન પ્રમુખ ન્યાયાધીશ શ્રી એ. એમ. દવેએ એડવોકેટ શ્રેયસ દેસાઈની દલીલો સાથે મહદઅંશે સંમત થઈ ફરિયાદીની ફરિયાદ મંજૂર કરી ફરિયાદના ક્લેમમાંથી વીમા કંપનીએ ખોટી રીતે કાપી લીધેલ રકમ રૂ. ૫૪,૯૧૯/- વાર્ષિક ૮% ના વ્યાજ સહિત તેમ જ વળતર અને ખર્ચ માટે બીજા રૂ. ૫,૦૦૦/- ચૂકવી આપવાનો વીમા કંપનીને હુકમ કર્યો હતો.